ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

## ગાંધીનગર બેઠક પર વાજપાઈ ૧૯૯૯માં પોપટલાલ પટેલ સામે લોકસભા લડ્યા હતા

ગાંધીનગર, તા. ૧૬

૧૯૯૯માં અટલ બિહારી બાજપાઈ ગાંધીનગરની લોકસભા બેઠક પરથી ચૂંટણી લડી ૧૩ દિવસ માટે વડાપ્રધાન બન્યા હતા. જોકે આ પછી યોજાયેલ પેટાચૂંટણીમાં વિજય પટેલ ગાંધીનગરના સાંસદ બન્યા હતા.

અટલ બિહારી બાજપાઈને આમ તો જિલ્લો એક કુશળ સંગઠક, પ્રચારક અને વિચક્ષણ રાજકીય નેતા તરીકે ઓળખતો હતો. તેઓ ગાંધીનગરમાં બે વાર ભાજપના રાષ્ટ્રીય અધિવેશનમાં ભાગ લેવા માટે આવ્યા હતા.

તેઓ દહેગામની પેટા ચૂંટણીમાં ભાજપના તત્કાલીન ઉમેદવાર સ્વ. ગાભાજી ઠાકોરની પ્રચાર સભા સંબોધવા અમદાવાદ આવ્યા હતા. ભાજપના બે સભ્યો સંસદમાં ચુંટાયા ત્યારે તેમની સાથે મહેસાણાથી ડૉ. એ.કે. પટેલ ચૂંટાઈને સંસદમાં ગયા હતા.

૧૯૯૫માં ભાજપની સરકારમાં થયેલા બળવાને નાથવા તેઓ ગાંધીનગર આવ્યા ત્યારે તેમણે વિચક્ષણ રાજનેતાની ભૂમિકા ભજવી સુરેશ મહેતાની નેતાપદે પસંદગી કરી હતી.

૧૯૯૯માં ચૂંટણી જંગમાં તેમના ઉમેદવાર તરીકેનું કાર્યાલય ઘ-૫ જુનુ શાલિમાર સિનેમા પાસે બનાવ્યુ હતુ ત્યારે મતદારોને લખાતા પ્રચાર કાર્ડ હાલ ગાંધીનગર (દ)ના ધારાસભ્ય અને વિધાનસભાના પૂર્વ ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર અને તેમની ટીમે કામગીરી સંભાળી હતી. આ વખતે તેમની સામે ગાંધીનગરના પૂર્વ ધારાસભ્ય પોપટલાલ પટેલને મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા.

ગાંધીનગરમાં ભાજપના રાષ્ટ્રીય અધિવેશનમાં તેમણે એકાત્મ માનવવાદ સાથે ગાંધી વિચારને વણી આગળ વધવાની કહેલી વાતે ભારે વિવાદ તત્કાલીન રાજકારણમાં જગાવ્યો હતો.

તેમણે ભાજપના બીજા અધિવેશન ૧૯૯૫માં યોજાયુ ત્યારે આવ્યા હતા. આ બન્ને અધિવેશન ગાંધીનગર ટાઉનહોલમાં થયા હતા.



શબનમી શામ...ગાંધીનગર કી શામ... સ્વાતંત્ર્ય પર્વની સાંજ એટલે પ્રવૃત્તિઓ અને પરિશ્રમથી મુક્ત આઝાદ સાંજ. આવી સાંજે ગાંધીનગરમાં ખરેખર 'જલસો' પડી ગયો. ગુજરાતના ઘરેણાં જેવાં ગાયક પાર્થિવ ગોહિલનો ઘેઘૂર અવાજ મહાત્મા મંદિરના અતિ આધુનિક કન્વેન્શન હોલમાં ગુંજી ઉઠયો... એમાં શ્રેષ્ઠ મહિલા ગાયકોમાં જેમની ગણના થાય એવા જહાન્વી શ્રીમાંકરનો સાથ ભળ્યો, પછી તો પુછવું જ શું ? મહાત્મા મંદિરના વિશાળ હોલમાં ઉપસ્થિત શ્રોતાઓ પણ 'શબનમી' થઈ ગયા... ગાંધીનગર કલ્ચરલ ફોરમે મહાત્મા મંદિરના મુખ્ય કન્વેન્શન હોલમાં સૌપ્રથમ વખત કોઈ કાર્યક્રમનું આયોજન કર્યું... મહાત્મા મંદિરની વિશાળતા, પાર્થિવ ગોહિલ અને જહાન્વી શ્રીમાંકરના સ્વરોની દિવ્યતા અને ગાંધીનગર કલ્ચરલ ફોરમના આયોજનની કુશળતાએ શબનમી સાંજને ભવ્યતા બક્ષી... સિદ્ધહસ્ત સંગીતકારોના સથવારે પાર્થિવ- જહાન્વીએ એક એકથી ચઢિયાતા ગીતો રજૂ કર્યા... નવા મેલોડીયસ ગીતો, નવા ઓફબીટ, જૂના લોકપ્રિય ડ્યુએટ્સ, કલાસિકલ રાગ આધારિત ગીતો, ગુજરાતી ગીતો, ગરબા, ભક્તિ, સંગીત અને દેશભક્તિ ગીતો... ગાયકીનો કોઈ પ્રકાર બાકી ન રહી જાય એટલા ખંતપૂર્વક ડિઝાઈન કરેલા કાર્યક્રમે 'જલસો' શિર્ષકને સાર્થક કર્યું. ગુજરાતી નાટકોના અભિનેતા અને ઉદઘોષક દિલીપ રાવલે વિવિધ પ્રકારના ગીતોની રજૂઆત વચ્ચે 'જલસો જહાજ'ને સાચા અર્થમાં એન્કરીંગ પુરૂ પાડ્યું. એમના શબ્દો અને શૈલીને પ્રેક્ષકોએ પ્રેમપૂર્વક માણ્યા. ખરેખર ભાગ્યેજ અનુભવી હોય એવી શબનમી સાંજ ગાંધીનગરે માણી...!!!

# રાજ્યમાં સાત દિવસનો શોક જાહેર

**સ્વ. બાજપાઈના અંતિમ સંસ્કાર દિને આજે રાજ્યભરની શાળા-કોલેજો અને યુનિવર્સિટી ભવનો તથા સરકારી, અર્ધસરકારી કચેરીઓ બંધ રહેશે : રાજ્યપાલ અને મુખ્યમંત્રી સહિત પૂર્વ મુખ્યમંત્રીઓની બાજપાઈને શ્રદ્ધાંજલિ આપી**

ગાંધીનગર, તા.૧૬

પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી બાજપાઈના દુઃખદ અવસાન અંગે ગુજરાત સરકારે સાત દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો છે. ૧૬મીથી ૨૨ ઓગષ્ટ દરમિયાન સરકારી કચેરીઓ પર રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવાશે.

સદગતના અંતિમ સંસ્કાર આવતીકાલે યોજનાર છે. તેમના સન્માનમાં રાજ્ય સરકારની સરકારી, અર્ધસરકારી અને સ્થાનિક સ્વરાજની કચેરીઓ તથા શાળા-કૉલેજો અને યુનિવર્સિટી ભવનો રજા પાળશે.

પૂર્વ પ્રધાનમંત્રી અટલબિહારી બાજપાઈના નિધન બદલ રાજ્યભરમાંથી શોકાંજલિનો અવિરત પ્રવાહ વહી રહ્યો છે.

ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીજીના દુઃખદ નિધન અંગે ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલીએ ભાવભરી શ્રદ્ધાંજલિ આપી હતી. આજે સાંજે રાજભવન ખાતે રાજ્યપાલશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલી શોકસભામાં સ્વર્ગસ્થ શ્રી અટલ બિહારી વાજપેયીજીના માનમાં બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. શોકસભામાં રાજભવનના સૌ અધિકારીઓ અને કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પૂર્વ વડાપ્રધાન અને વરિષ્ઠ અગ્રણી શ્રી અટલ બિહારી બાજપેયીજીના દુઃખદ અવસાન અંગે ઘેરા શોક અને ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી શ્રદ્ધાંજલી પાઠવી છે. સ્વ. શ્રી અટલ બિહારીજીને શ્રદ્ધાંજલી પાઠવતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે આ યુગના સૌથી મોટા નેતા અટલજીની ચીરવિદાયથી આપણને સૌને કદિ ન પૂરાય એવી ખોટ પડી છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે શ્રી અટલ બિહારીજીને પક્ષાપક્ષીથી ઉપર ઉઠીને હરેક વ્યક્તિએ પ્રેમ-આદર સન્માન આપ્યા છે.

પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલે સ્વ. બાજપાઈને અંજલિ આપતા જણાવ્યું હતું કે, દેશે એક ઈમાનદાર નેતા ગુમાવ્યો છે. પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ પણ બાજપાઈને અંજલિ આપતા જણાવ્યું હતું કે, બાજપાઈજી સૌને સાથે લઈને ચાલનારા રાજનેતા હતા.

## મહિલા બાળ વિકાસ સમિતિમાંથી રામાજી ઠાકોરનું રાજીનામુ

**રાજીનામુ આપતા સમિતિની રચના નહિ થાય**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લા પંચાયતની મહિલા-બાળ વિકાસ સમિતિના સભ્યપદેથી આજે જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ રામાજી ઠાકોરે રાજીનામુ આપ્યુ છે.

સમિતિઓની રચનાને મુદ્દે કોંગી સભ્યોમાં ઉભી થયેલી નારાજગીનો સૂર હજુ સુધી શમ્યો નથી. આજે જિલ્લા પંચાયતની મહિલા બાળ વિકાસ સમિતિમાંથી રામાજી ઠાકોરે રાજીનામાનો પત્ર જિલ્લા વિકાસ અધિકારીશ્રીને ઉદ્દેશી લખી મોકલ્યો છે.

આ સમિતિમાંથી ત્રણ સભ્યોએ સભ્યપદેથી રાજીનામા આપતા હવે આ સમિતિની રચના માટે પહેલી બેઠકમાં જ કોરમ નહિ થતાં સમિતિની રચનાને લઈ પ્રશ્નાર્થ ઉભો થશે. કોંગ્રેસ શાસિત પંચાયતમાં પહેલીવાર સમિતિની રચના સભ્યોના અભાવે થતી અટકી પડશે.

પૂર્વ પ્રમુખ જૂથના પાંચેય સભ્યોએ સમિતિઓમાંથી રાજીનામા ધરી દેતાં કોંગ્રેસમાં જૂથબંધી ચરમસીમાએ પહોંચી છે. આને પગલે હવે સમિતિઓની રચનાને લઈ પ્રદેશ સમિતિ દરમ્યાનગીરી કરશે તેવા સંકેતો મળી રહ્યા છે.

આ ઉગાઉ શિક્ષણ સમિતિમાંથી બે સભ્યો અને આરોગ્ય સમિતિમાંથી બે સભ્યોએ રાજીનામા આપ્યા છે જે નોંધનીય છે. સમિતિઓની રચનાની મડાગાંઠને લઈ જિલ્લા આગેવાનોએ હાલ મૌન ધારણ કરી લીધુ છે.

# શહેરમાં ઘ અને ઘ-૧ કક્ષાના મકાનોનુ રિનોવેશન હાથ ધરાશે

**સે-૮ માં ઘ અને ઘ-૧ સહીત જી-૧ કક્ષાના મકાનો મજબુતીકરણ હેઠળ આવરી લેવાશે**

ગાંધીનગર તા ૧૬

સે-૮ માં ઘ અને ઘ-૧ સહીત જી કક્ષાના સરકારી આવાસોના મજબુતીકરણ માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. આ કામગીરી અન્વયે રૂ ૪.૨૪ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો તોડવા માટે પણ કામગીરી ચાલી રહી છે. જયારે રહેણાંકની દ્રષ્ટીએ મોટાભાગના આવાસો જોખમી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ત્યારે તબક્કાવાર ભયજનક મકાનો તોડવામાં પણ આવી રહયા છે.

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત દાયકાઓ જુના સરકારી મકાનો જોખમી હાલતમાં છે. સેકટરોમાં જુના અને કંગાળ મકાનો તોડીને નવા મકાનો બાંધવા માટે પણ કાર્યયોજના તબક્કાવાર તૈયાર કરવામાં આવી રહી છે. અગાઉ નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ સેકટરોમાં સર્વેના અંતે હજુ પણ સેકટરોમાં જોખમી મકાનો તોડવા માટે તબક્કવાર કામગીરી હાથ ધરવામાં

● અનુસંધાન પાન-૭ પર

## ત્રણ-ચાર દિવસમાં રાજયમાં નોંધપાત્ર વરસાદની સંભાવના

**અપર એરસાયકલોનિક સરક્યુલેશનની સ્થિતિ : રાજયના ૧૧ જિલ્લામાં તો ભારેથી અતિભારે વરસાદની આગાહી**

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર-અમદાવાદ શહેર સહિત રાજ્યભરમાં છેલ્લા ઘણા સમયથી મેઘરાજા આંખ મીચામણાં કરી રહ્યા છે અને તેમની મેઘવર્ષાથી જગતના તાત સહિત રાજયના પ્રજાજનોને વંચિત રાખી રહ્યા છે ત્યારે હવામાન વિભાગે હવે આગામી ત્રણથી ચાર દિવસમાં ગુજરાતમાં ઘણાખરા ભાગોમાં વરસાદ પડવાની આગાહી કરી છે. જેમાં રાજયના ૧૧ જિલ્લાઓમાં તો, ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન ખાતાની આ આગાહીને પગલે જગતના તાત સહિત રાજયના પ્રજાજનોમાં હવે મોડે મોડે પણ સારા વરસાદની આશા બંધાઈ છે. ઉલ્લેખનીય છે કે ગુજરાત રાજયમાં છેલ્લા ત્રણ સપ્તાહથી વરસાદ પડી રહ્યો નથી.

# સીબીએસઈ શાળામાં ધો-૨ સુધી વિદ્યાર્થીઓને બેગમાંથી મુકિત

**ભાર વિનાનું ભણતર કન્સેપ્ટની અમલવારી : સીબીએસઇ બોર્ડ શાળામાં બીજા ધોરણ સુધીના બાળકોને સ્કૂલ બેગ તેમજ હોમવર્કમાંથી મુક્તિ મળતાં મોટી રાહત**

અમદાવાદ, તા.૧૬

સીબીએસઈ બોર્ડની શાળાઓમાં અભ્યાસ કરતાં ભૂલકાંઓને હવે સ્કૂલ બેગ અને હોમવર્કના બોજામાંથી મુકિત આપતો ખૂબ જ રાહતભર્યો નિર્ણય સીબીએસઇ બોર્ડે જાહેર કર્યો છે. સીબીએસઈ બોર્ડ સંલગ્ન શાળાઓમાં બોર્ડે ધોરણ-૨ સુધીના વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ અને હોમવર્કમાંથી મુક્તિ આપવાનો આદેશ કર્યો છે. જેને પગલે હવે સીબીએસઇની તમામ શાળાઓમાં ધોરણ-૨ સુધીના બાળકોને સ્કૂલ બેગ અને હોમવર્કમાંથી મુકિત મળશે. સીબીએસઈ અને ગુજરાત બોર્ડની શાળાઓમાં ભણતા લાખો વિદ્યાર્થીઓને સ્કૂલ બેગનો બોજો અને વધુ પડતું હોમવર્ક કરાવાતું હોવાની ફરિયાદો ઉઠતી હતી. તાજેતરમાં મદ્રાસ હાઈકોર્ટે ચુકાદો જાહેર કર્યા બાદ બોર્ડે કડકાઈભર્યુ વલણ અપનાવ્યું છે. એટલું જ નહીં આ ઉપરાંત શાળાઓમાં ધોરણ આઠ સુધીમાં અન્ય કોઈ સ્ટેશનરી, પાઠ્યપુસ્તકોનો ઉપયોગ કરવાના બદલે વિદ્યાર્થીઓના શારીરિક અને માનસિક વિકાસ માટે એનસીઈઆરટીનો અભ્યાસક્રમ લાગુ કરવાનો આદેશ કરાતા સીબીએસઈ શાળાઓમાં ધોરણ-૮ સુધીના વિદ્યાર્થીઓ માટે આગામી શૈક્ષણિક વર્ષથી સીબીએસઈનો કોર્સ અમલી થશે. તાજેતરમાં મદ્રાસ હાઈકોર્ટે ચુકાદો જાહેર કર્યા બાદ બોર્ડે કડકાઈભર્યુ વલણ અપનાવ્યું છે. અમદાવાદ શહેરમાં ૫૦થી વધુ સીબીએસઈ શાળાઓ છે. જો કે, કેન્દ્રીય વિદ્યાલયોમાં તો પહેલેથી ધોરણ-૨ સુધીનાં બાળકોને હોમવર્ક અને ભારે સ્કૂલ બેગમાંથી મુક્તિ આપવામાં આવી છે. આ અંગે ખાનગી શાળા સંચાલક મંડલના પ્રમુખ દીપક રાજયગુરુએ જણાવ્યું હતું કે સીબીએસઈ બોર્ડનું આ પગલું આવકારદાયક છે, નાની ઉંમરનાં બાળકોને સ્કૂલ બેગમાંથી મુકિત આપવી જ જોઈએ, પરંતુ હોમવર્ક ન આપવું એ અયોગ્ય છે. તેનાં બદલે વિષયના મહત્વ પ્રમાણે હોમવર્ક આપવું જોઈએ નોટબુકોનું ભારણ ઘટાડી દેવું જોઈએ શક્ય હોય તો નોટબુક પણ રદ કરી દેવી જોઈએ. વિદ્યાર્થીઓને હોમવર્ક કરાવવા માટે માત્ર વર્કશીટ આપવી જોઈએ. બીજીબાજુ, સીબીએસઇ બોર્ડના આ નિર્ણયને પગલે વિદ્યાર્થીઓ, વાલીઓમાં બહુ મોટી રાહત અને ખુશીની લાગણી ફેલાઈ ગઈ છે.



શિવભક્તિમાં દેશભક્તિ - ગાંધીનગરના કોટેશ્વર મહાદેવ ખાતે સ્વાતંત્ર્ય દિને મહાદેવને ત્રિરંગાનો શણગાર કરાયો હતો... શિવભક્તિ અને દેશભક્તિનો અનોખો સંયોગ કોટેશ્વરના શિવાલયમાં થયો હતો...

## પેથાપુરમાં આવતીકાલથી ૧૦ મી નેશનલ થાઈ બોકસીંગ ચેમ્પિયનશીપનો પ્રારંભ

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરમાં પેથાપુર ખાતે સ્થિત મોદી સમાજના ભવનમાં આવતીકાલે સવારે ૯ : ૩૦ કલાકે થાઈબોકસીંગ ચેમ્પીયનશીપનો પ્રારંભ થશે.ગાંધીનગરમાં પ્રથમવાર યોજનારી આ ૧૦ મી નેશનલ થાઈ બોક્સીંગ ચેમ્પિયનશીપમાં સમગ્ર દેશમાંથી ૧૭ રાજયોના ૮૦૦ થી વધુ ખેલાડીઓ ભાગ લેશે. જયારે ગાંધીનગરના પણ ૧૪ ખેલાડીઓ આ નેશનલ ચેમ્પિયનશીપમાં ભાગ લેશે.

ગાંધીનગરના આંગણે પ્રથમવાર યોજનારી થાઈ બોકસીંગ ચેમ્પિયનશીપ અંગે ઈન્ડીયન ફેડરેશનના ડો કુલદીપ વેસ્ટ ઝોન થાઈ બોકસીંગ એસોસિએશનના ના પ્રમુખ મહીપાલસીંગ, મોહીતસિંહ ઝાલા તેમજ ગુજરાત થાઈ બોકસીંગના ઉપપ્રમુખ પ્રવિણ વાલેરાએ માહીતી આપતા જણાંવ્યુ હતુ કે આ નેશનલ બોકસીંગ ચેમ્પિયનશીપમાં ભારતની ૧૭ ટીમો ભાગ લેશે. જેમાં તા ૧૮ ઓગષ્ટથી શરૂ થનારી આ સ્પર્ધામાં ૧૪ વર્ષ, ૧૭ તેમજ ૧૯ વર્ષ એમ વિવિધ વયજુથના સ્પર્ધકો ભાગ લેશે. માર્શલ આર્ટ પર આધારિત આ થાઈબોકસીંગમાં કીકીંગ તેમજ બોકસીંગનો સમાવેશ થાય છે. આ ચેમ્પિયનશીપમાં ૩૬૦ જેટલા મેડલ એનાયત કરવમાં આવશે. આ થાઈ બોકસીંગ ચેમ્પિયનસીપમાં ગુજરાતની ટીમ છેલ્લા બે વર્ષથી ત્રીજા સ્થાને આવે છે. જયારે આ બોકસીંગ ચેમ્પિયનશીપમાં પ્રથમવાર સાંજે ૬ થી ૧૧ કલાક દરમિયાન નાઈટ ટુર્નામેન્ટનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે ગાંધીનગરમાં પ્રથમવાર યોજાતી આ ટુર્નામેન્ટનો સ્થાનિકોને પણ લાભ મળે તેવા આશયથી એન્ટ્રી ફ્રી રાખવામાં આવી છે. જયારે આ ટુર્નામેન્ટમાં ગાંધીનગરના પણ ૧૪ ખેલાડીઓ ભાગ લેશે. જેમાં ૯ બોયઝ તેમજ ૫ ગર્લ્સનો સમાવેશ થાય છે. જયારે આ ખેલાડીઓમાં નગરની પાંચ શાળાના સ્કુલ નેશનલ મેડલ વિજેતા ખેલાડીઓ પણ ભાગ લેશે.


ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

બ્રહ્મભટ્ટ સમાજનું ગૌરવ
અભિનંદન

બ્રહ્મભટ્ટ સમાજના જ્ઞાતિ રત્ન શ્રી રાજેન્દ્રભાઈ બી. બ્રહ્મભટ્ટ (IPS) I.G.P., CID Crimeને રાષ્ટ્રપતિ એવોર્ડ (વિશિષ્ટ સેવા મેડલ)થી સન્માનિત કરવામાં આવ્યા છે. જેથી સમગ્ર બ્રહ્મભટ્ટ સમાજ આનંદ અને ગર્વની લાગણી અનુભવે છે. માનનીયશ્રીને ઉજ્વળ ભવિષ્ય અને ઉત્તરોત્તર પ્રગતિની હાર્દિક શુભકામનાઓ...
દિલીપસિંહ જે. બ્રહ્મભટ્ટ
પ્રમુખ, સમસ્ત ગાંધીનગર બ્રહ્મભટ્ટ સમાજ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com